# પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ
## દ્વિતિય ડ્રો ઉધારકર્તા એપ્લિકેશન ફોર્મ
## માર્ચ 18, 2021 નાં રોજ પુનરાવર્તિત

OMB નિયંત્રણ નં.: 3245-0417
સમાપ્તિ તારીખ: 9/30/2021
087 - Gujarati - ગુજરાતી

| એક તપાસો: ❑ એકમાત્ર માલિકી ❑ ભાગીદારી ❑ C-કૉર્પ ❑ S-કૉર્પ ❑ LLC<br>❑ સ્વતંત્ર ઠેકેદાર ❑ સ્વ રોજગાર ધરાવતી વ્યક્તિ<br>❑ 501(c)(3) બિનનફાકારક ❑ 501(c)(6) સંસ્થા<br>❑ 501(c)(19) પીઢ સંસ્થા ❑ અન્ય 501(c) સંસ્થા<br>❑ આવાસ સહકારી ❑ આદિજાતીનો બિઝનેસ<br>❑ અન્ય ___________________________ | **DBA અથવા ટ્રેડનામ (જો લાગું પડતું હોય તો)** | **સ્થાપનાનું વર્ષ (જો લાગું પડતું હોય તો)** |
|---|---|---|
| | | |
| **વ્યવસાયનું કાનૂની નામ** | **NAICS કોડ** | |
| | | |
| **વ્યાપારનું સરનામુ (સ્ટ્રીટ, શહેર, રાજ્ય, ઝિપ કોડ - P.O. બોક્સ સરનામાઓની અનુમતિ નથી)** | **વ્યવસાયનો TIN (EIN, SSN)** | **વ્યવસાયનો ફોન** |
| | | |
| | **પ્રાથમિક સંપર્ક** | **ઈમેલ સરનામું** |
| | | |

| **સરેરાશ માસિક પેરોલ:** | $ | **x 2.5 (અથવા NAICS 72 અરજદારો માટે x 3.5) બરાબર લોન અરજી રકમ ($2,000,000 કરતા વધારે ન હોઇ શકે):** | $ | **કર્મચારીઓની સંખ્યા (અનુષંગિકો સહિત, જો લાગું પડતું હોય; તો 300 કરતા વધારે ન હોઇ શકે અન્યથા "પ્રતિ સ્થળ" અપવાદ લાગું પડતો હોય):** | |
|---|---|---|---|---|---|

| **લોનનો હેતુ (લાગું પડતું તમામ પસંદ કરો):** | ❑ પેરોલ ખર્ચાઓ | ❑ ભાડું / મોર્ગેજનું વ્યાજ | ❑ ઉપયોગિતાઓ | ❑ આવરીત કામગીરીઓનાં ખર્ચાઓ |
|---|---|---|---|---|
| | ❑ આવરીત પ્રોપર્ટીની નુકશાનીઓ | ❑ આવરીત સપ્લાયરનાં ખર્ચાઓ | ❑ આવરીત કર્મચારી રક્ષણ ખર્ચાઓ | ❑ અન્ય (સમજાવો): ____________ |
| **પીપીપી પ્રથમ ડ્રો SBA લોન નંબર:** | | | | |

| **ઓછામાં ઓછા 25% પરની એકંદર રસીદોમાં ઘટાડો ($150,000 અથવા ઓછાની લોનો માટેનાં અરજદારો ખાલી છોડી શકે છે પરંતુ લોન માફી માંગવા પર અથવા પહેલા અથવા SBA વિનંતી પર પ્રદાન કરવી અનિવાર્ય છે):** | **2020 ત્રિમાસિક (દા.ત., 2Q 2020):** | | **સંદર્ભ ત્રિમાસિક (દા.ત., 2Q 2019):** | |
|---|---|---|---|---|
| | **એકંદર રસિદો:** | **$** | **એકંદર રસિદો** | **$** |

### અરજદાર માલિકી

અરજદારની ઇક્વિટીના 20% અથવા વધુના તમામ માલિકોને સૂચિબદ્ધ કરો. જો જરૂરી હોય તો એક અલગ શીટ જોડો.

| માલિકનું નામ | શીર્ષક | માલિકી % | TIN (EIN, SSN, ITIN) | સરનામું |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

**પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ**
**દ્વિતિય ડ્રો ઉધારકર્તા એપ્લિકેશન ફોર્મ**
**માર્ચ 18, 2021 નાં રોજ પુનરાવર્તિત**

**પીપીપી અરજદાર વસ્તી વિષયક માહિતી (વૈકલ્પિક)**

**વેટરન/લિંગ/જાતિ/વંશીયતાનો ડેટા માત્ર પ્રોગ્રામ રિપોર્ટિંગ હેતુઓ માટે જ એકત્રિત કરવામાં આવે છે. જાહેર કરવું સ્વૈચ્છિક છે અને લોન અરજી નિર્ણય પર અસર નહીં કરે.**

| પ્રિન્સિપાલનું નામ | પ્રિન્સિપાલનું પદ |
|---|---|
| | |

| | નીચે પ્રતિસાદ પસંદ કરો: |
|---|---|
| વેટરન | ❑ નોન વેટરન; ❑ વેટરન; ❑ સેવા-અસક્ષમ કરેલ વેટરન; ❑ વેટરનનાં જીવનસાથી; ❑ જાહેર નહીં કરેલ |
| લિંગ | ❑ પુરુષ; ❑ સ્ત્રી; ❑ જાહેર ન કરાયેલુ |
| વર્ણ (1 કરતા વધારે પસંદ કરી શકાય છે) | ❑ અમેરિકન ભારતીય અથવા અલાસ્કા મૂળ નિવાસી; ❑ એશિયન; ❑ કાળો અથવા આફ્રિકન-અમેરિકન; ❑ નેટિવ હવાઇઅન અથવા પેસિફિક આઇલેન્ડર; ❑ વ્હાઇટ; ❑ જાહેર નહીં કરેલ |
| વંશીયતા | ❑ હિસ્પેનિક અથવા લેટિનો; ❑ બિન હિસ્પેનિક અથવા બિન લેટિનો; ❑ જાહેર નહીં કરેલ |

*જો પ્રશ્નો (1), (2), (4) અથવા (5) ના જવાબ "હા," આપવામાં આવશે તો લોન મંજૂર કરવામાં આવશે નહીં.*

| **પ્રશ્ન** | **હા** | **ના** |
|---|---|---|
| 1. શું અરજદાર અથવા અરજદારનો કોઈપણ માલિક હાલમાં નિલંબિત, બાકાત, બાકાત રાખવા માટે સૂચિત, અયોગ્ય જાહેર કરેલ, કોઈપણ સંઘીય વિભાગ અથવા એજન્સી દ્વારા આ વ્યવહારમાં સહભાગી થવાથી સ્વૈચ્છિક રીતે બાકાત, અથવા હાલમાં કોઈપણ નાદારીમાં સામેલ છે? | | |
| 2. શું અરજદારે, અરજદારના કોઈપણ માલિકે, અથવા તેમનામાંથી કોઈપણ વ્યવસાયની માલિકી અથવા નિયંત્રણ ધરાવતી વ્યક્તિએ, હાલમાં (a) અપરાધિક હોય અથવા (b) છેલ્લા 7 વર્ષમાં ડિફૉલ્ટ ગણવામાં આવી હોય અને સરકારને નુકસાન પહોંચાડ્યું હોય તેવી SBA અથવા અન્ય કોઈપણ સંઘીય એજન્સી (શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત પ્રોગ્રામ દ્વારા બનાવવામાં આવેલી અથવા બાંયધરીકૃત ફેડરલ વિદ્યાર્થી લોન સિવાયની અન્ય) પાસેથી સીધી અથવા બાંયધરીકૃત લોન મેળવી છે? | | |
| 3. શું અરજદાર અથવા અરજદારનો કોઈપણ માલિક કોઈપણ અન્ય વ્યવસાયનો માલિક છે, અથવા અન્ય કોઈપણ વ્યવસાય સાથે સામાન્ય મેનેજમેન્ટ (મેનેજમેન્ટ સમજૂતિ સહિત) ધરાવે છે? જો હા હોય, તો આવા તમામ વ્યવસાયોને (જો ઉપલબ્ધ હોય તો, તેઓનાં TINs સહિત) સૂચિબદ્ધ કરો અને પરિશિષ્ટ A તરીકે ઓળખાતી એક અલગ શીટ પર સંબંધનું વર્ણન કરો. | | |
| 4. શું અરજદાર (જો કોઈ વ્યક્તિ હોય) અથવા અરજદારની 20% અથવા તેનાથી વધુની ઇક્વિટી ધરાવતી કોઈપણ વ્યક્તિ હાલમાં જેલમાં છે અથવા, કોઇપણ ગુના માટે, હાલમાં આરોપી ફોજદારી માહિતી, આક્ષેપ અથવા અન્ય માધ્યમોને આધિન છે, જેમના દ્વારા ઔપચારિક ફોજદારી આરોપો કોઈપણ અધિકારક્ષેત્રમાં લાવવામાં આવે છે?<br>પ્રશ્ન 4ના તમારા પ્રતિભાવની પુષ્ટિ કરવા માટે અહીં હસ્તાક્ષર કરો → ____________________ | | |
| 5. છેલ્લા 5 વર્ષમાં, લોન અરજીમાં અથવા ફેડરલ નાણાકીય સહાયતા માટેની અરજીમાં કપટ, લાંચ, ઉચાપત, કે ખોટું વિધાન કરવાનો સમાવેશ કરતો ગુનો કર્યો હોય અથવા છેલ્લા વર્ષમાં અન્ય કોઇ ગુના માટે અરજદાર (જો કોઇ વ્યક્તિ હોય) અથવા અરજદારનાં કોઇપણ માલિક 1) દોષિત જાહેર કરવામાં આવ્યા છે; 2) ગુનેગાર છે; 3) નોલો દાવેદાર છે; અથવા 4) કોઇપણ સ્વરૂપનાં પેરોલ અથવા પ્રોબેશન પર છે (ચુકાદા પહેલા પ્રોબેશન સહિત)?<br>પ્રશ્ન 5ના તમારા પ્રતિભાવની પુષ્ટિ કરવા માટે અહીં હસ્તાક્ષર કરો → ____________________ | | |
| 6. શું યુનાઇટેડ સ્ટેટ્સ ઉપર આપેલ અરજદારની પેરોલ ગણતરીમાં સામેલ તમામ કર્મચારીઓ માટે નિવાસસ્થાનનું મુખ્ય સ્થળ છે? | | |
| 7. શું અરજદાર એક ફ્રેન્ચાઇઝી છે? | | |
| 8. શું ફ્રેન્ચાઇઝી SBA ની ફ્રેન્ચાઇઝી ડિરેક્ટરીમાં સૂચિબદ્ધ છે? જો હા હોય, તો અહીં SBA ફ્રેન્ચાઇઝી ઓળખ કોડ દાખલ કરો:<br>______________ | | |

**નીચે હસ્તાક્ષર કરીને, તમે નીચેની રજૂઆતો, અધિકૃતિઓ અને પ્રમાણનો બનાવો છો**

હું પ્રમાણિત કરું છું કે:

- મેં આ ફોર્મમાં સામેલ નિવેદનો વાંચ્યા છે, જેમાં કાયદા અને કારોબારી આદેશો દ્વારા જરૂરી નિવેદનો સામેલ છે, અને હું તે સમજી શકું છું.
- આ અરજી સબમિટ કરતી વખતે અરજદાર ડિવિઝન A હેઠળ પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ, કોરોના વાયરસ સહાય, રાહતના શીર્ષક I, અને આર્થિક સુરક્ષા અધિનિયમ (CARES અધિનિયમ), ઇકોનોમિક એઇડ ટુ હાર્ડ-હિટ સ્મોલ બિઝનેસીસનાં અમલીકરણ સાથે નાના વ્યવસાય બિનનફાકારક અને સ્થળો અધિનિયમ, અને અમેરિકન રેસ્ક્યૂ પ્લાન અધિનિયમ, 2021 નાં શિર્ષક V (પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ નિયમો) વહીવટ (SBA) અને ડીપાર્ટમેન્ટ ઑફ ટ્રીઝરી (ટ્રીઝરી) દ્વારા જારી કરાયેલા અસરકારક નિયમો હેઠળ લોન મેળવવાને પાત્ર હોય છે.
- અરજદાર, તેનાં આનુષંગિકો સાથે (જો લાગું પડતું હોય), (1) એક સ્વતંત્ર ઠેકેદાર, સ્વ-રોજગાર વ્યક્તિ, અથવા કોઇ કર્મચારી વગર સંપૂર્ણ માલિક હોય; (2) 300 કર્મચારીઓથી વધારેને નોકરી પર ન રાખેલ હોય; (3) જો ળઓઘણએ 72 હોય, ભૌતિક સ્થળ દીઠ 300 કર્મચારીઓથી વધારેને નોકરી પર ન રાખતી હોય; (4) જો કોઈ સમાચાર સંસ્થા કે જે NAICS કોડ 511110 અથવા 5151 વ્યવસાય દ્વારા બહુમતીની માલિકીની હોય અથવા નિયંત્રિત હોય અથવા NAICS કોડ 511110 અથવા 5151 હેઠળ વેપાર અથવા વ્યવસાય સાથેની બિનનફાકારક જાહેર પ્રસારણ સંસ્થા દ્વારા બહુમતીની માલિકીની હોય અથવા નિયંત્રિત હોય, અથવા માત્ર ઇન્ટરનેટ સમાચાર અથવા સામયિક પ્રકાશકને NAICS કૉડ 519130 ફાળવેલ હોય અને સ્થાનિક અથવા પ્રાંતિય અને રાષ્ટ્રિય સમાચારો અને માહિતીનાં એકત્રિકરણ અને વિતરણમાં જોડાયેલ હોય, સ્થળ દીઠ 300 કરતા વધારે કર્મચારીઓ કાર્યરત ન હોય; અથવા (5) જો 501(c)(3) સંસ્થા, લાયક 501(c)(6) સંસ્થા, અન્ય લાયક 501(c) સંસ્થા, લાયક ગંતવ્ય માર્કેટિંગ સંસ્થા, ભૌતિક સ્થળ દીઠ 300 કરતા વધારે કર્મચારીઓ કાર્યરત ન હોય.
- હું આ ફોર્મમાં આપેલ નાગરિક અધિકારો અને અન્ય મર્યાદાઓનું, લાગુ પડે ત્યારે, અનુપાલન કરીશ.
- તમામ લોનની આવકનો ઉપયોગ લોન એપ્લિકેશનમાં ઉલ્લેખિત અને પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ નિયમ સાથે સુસંગત હોય તેવા ફક્ત વ્યવસાય-સંબંધિત હેતુઓ માટે જ કરવામાં આવશે, લોબિંગ પ્રવૃત્તિઓ અને ખર્ચાઓ માટે લોનનાં ઉપાર્જનોનો ઉપયોગ કરવા પરનાં પ્રતિબંધ સહિત. જો અરજદાર એક ન્યૂઝ સંસ્થા છે જે આર્થિક સહાયની હાર્ડ-હિટ નાના વ્યવસાયો, બિનનફાકારક અને સ્થળો અધિનિયમની કલમ 317 હેઠળ લોન માટે પાત્ર બન્યું છે, તો લોનની આવક એ વ્યાપારનીસ્થાનિક રીતે કેન્દ્રિત અથવા કટોકટી માહિતીનું ઉત્પાદન અથવા વિતરણ કરે તે ચિંતાના ભાગમાં ખર્ચને ટેકો આપવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. જો અરજદાર માત્ર-ઇન્ટરનેટ સમાચાર અથવા પેરિયોડીક પ્રકાશક હોય જે અમેરિકન રેસ્ક્યૂ પ્લાન અધિનિયમ, 2021 ની કલમ 5001 અંતર્ગત લોન માટે લાયક બનતી હોય, તો લોનની આવકનો ઉપયોગ સ્થાનિક અથવા પ્રાંતિય સમાચારોને સપોર્ટ આપવા માટે વ્યાપાર અથવા સંસ્થાનાં ઘટક પર ખર્ચાઓને સપોર્ટ કરવામાં કરશે.
- હું સમજું છું કે SBA સંભવિત હોય તે હદ સુધી, અમેરિકન બનાવટનાં સાધનો અને ઉત્પાદનોની ખરીદીને પ્રોત્સાહન આપે છે.
- અરજદાર એવી કોઈપણ પ્રવૃત્તિમાં રોકાયેલ નથી જે સંઘીય, રાજ્ય અથવા સ્થાનિક કાયદા હેઠળ ગેરકાયદેસર છે.

અરજદારો કે જેઓ વ્યક્તિઓ છે: સુધારેલા નાના વ્યવસાય અધિનિયમ દ્વારા અધિકૃત પ્રોગ્રામ્સ માટેની મારી પાત્રતા નક્કી કરવાના હેતુથી હું SBAને ફોજદારી ન્યાય એજન્સીઓ પાસેથી મારા વિશે ગુનાહિત રેકોર્ડ માહિતીની વિનંતી કરવા માટે અધિકૃત કરું છું.

અરજદારના અધિકૃત પ્રતિનિધિએ નીચેના બધાને પ્રત્યેકની આગળ **હસ્તાક્ષર કરીને** સદ્ભાવનાથી પ્રમાણિત કરવું જોઈએ કે:

_____ અરજદાર 15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ કામગીરીમાં હતા, કાયમ માટે બંધ કર્યું ન હતું, અને ફોર્મ(સ) 1099-MISC પર રીપોર્ટ કર્યા અનુસાર લાયક સ્વ-રોજગાર વ્યક્તિ, સ્વતંત્ર ઠેકેદાર, અથવા કોઇ કર્મચારીઓ વગરનાં એકમાત્ર માલિક હતા, અથવા એવા કર્મચારીઓ ધરાવતા હતા જેઓ માટે તેણે પગારો અને પેરોલ કરવેરાઓ ચૂકવ્યા હતા અથવા સ્વતંત્ર ઠેકેદારો હતા.

_____ વર્તમાન આર્થિક અનિશ્ચિતતા અરજદારની ચાલુ કામગીરીઓને સમર્થિત કરવા માટે આ લોન વિનંતીને જરૂરી બનાવે છે.

_____ સંબંધિત તુલનાત્મક સમયગાળામાં અરજદારે 25% કરતા વધારેમાં એકંદર રસિદોમાં ઘટાડો સાકાર કર્યો હોય. $150,000 કરતા વધારે મોટી લોનો માટે, અરજદારે એકંદર રસિદોમાં ઘટાડો પ્રમાણિત કરતા દસ્તાવેજો ઉધાર આપનારને પ્રધાન કર્યા છે. $150,000 અથવા ઓછી લોનો માટે, અરજદાર દ્વિતિય ડ્રો પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ લોન માટેની લોન માફી માંગવા પર અથવા પહેલા અથવા SBA વિનંતી પર એકંદર રસિદોમાં ઘટાડો પ્રમાણિત કરતા દસ્તાવેજો પ્રદાન કરશે.

_____ પ્રથમ ડ્રો પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ લોન પ્રાપ્ત કરેલ અને, દ્વિતિય ડ્રો પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ લોન પહેલા આપવામાં આવી હોય તેવા અરજદારે લાયક ખર્ચાઓ માટે જ પ્રથમ ડ્રો પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ લોનની સંપૂર્ણ લોન રકમ (કોઇપણ વધારા સહિત) ઉપયોગમાં લીધી હોવી અનિવાર્ય રહેશે.

_____ આ ભંડોળનો ઉપયોગ પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ નિયમ હેઠળ નિર્દિષ્ટ કર્યા મૂજબ કામદારોને ટકાવી રાખવા અને પેરોલ જાળવવા અથવા મોર્ટગેજ વ્યાજ, ભાડા, ઉપયોગિતાઓ, આવરીત કામગીરીઓનાં ખર્ચાઓની, આવરીત સંપત્તિનાં નુકશાનીઓનાં ખર્ચાઓની, આવરીત સપ્લાયરનાં ખર્ચાઓની, અને આવરીત કર્મચારી રક્ષણ ખર્ચાઓની ચુકવણીઓ માટે કરવામાં આવશે; હું સમજું છું કે જો ભંડોળનો જાણીજોઈને અનધિકૃત હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે તો સંઘીય સરકાર છેતરપિંડીના આરોપની જેમ મને કાનૂની રીતે જવાબદાર ઠેરાવી શકે છે.

_____ હું સમજું છું કે દસ્તાવેજીકૃત પેરોલ ખર્ચાઓ, આવરિત મોર્ટગેજ વ્યાજ ચુકવણીઓ, આવરિત ભાડાની ચુકવણીઓ અને આવરીત ઉપયોગિતાઓ, આવરીત કામગીરીઓનાં ખર્ચાઓ, આવરીત સંપત્તિની નુકશાનીનાં ખર્ચાઓ, આવરીત સપ્લાયરોનાં ખર્ચાઓ અને આવરીત કર્મચારી રક્ષણ ખર્ચાઓ માટેની રકમ માટે લોન માફીની જોગવાઈ કરવામાં આવશે, અને નોન-પેરોલ ખર્ચાઓ માટે માફ કરેલી રકમના 40%થી વધુ રકમ હોઈ શકતી નથી. જો આવશ્યક હોય, તો આ લોન બાદનાં આવરીત સમયગાળા માટે અરજદારના પેરોલ પર પૂર્ણ-સમય સમકક્ષ કર્મચારીઓની સંખ્યા તેમજ લાયક ખર્ચાઓ માપેરોલ ખર્ચાઓની ડોલરની રકમની ચકાસણી કરતું દસ્તાવેજીકરણ અરજદાર શાહુકારને અને/અથવા SBA ને પ્રદાન કરશે.

_____ અરજદાર દ્વિતિય ડ્રો પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ લોન મેળવી નથી અને પ્રાપ્ત કરશે નહીં.

_____ આ લોન અરજીની તારીખ સુધીમાં SBA તરફથી શટર પાડેલા સ્થળનાં ઓપરેટર (SVO) નાં અનુદાન માટે અરજદારને મંજુર ન કરવામાં આવ્યા હોય, અને અરજદાર સ્વિકારતા હોય કે જો આ લોન માટે SBA લોન નંબર જારી કરે તે પહેલા અરજદારને SVO માટે મંજુર કરવામાં આવે, તો અરજદાર આ લોન માટે ગેરલાયક છે અને લોનની કોઇપણ આવકની સ્વિકૃતિ અનઅધિકૃત ઉપયોગ તરીકે ગણવામાં આવશે.

_____ લાગું પડતા કાયદા અનુસાર રાષ્ટ્રપતિ, ઉપ રાષ્ટ્રપતિ, કાર્યકારી વિભાગનાં વડા, અથવા કોંગ્રેસનાં સભ્ય, અથવા આવી વ્યક્તિનાં જીવનસાથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અરજદારમાં હિતનું નિયંત્રણ ધરાવતા નથી, આવી શરતો ઇકોનોમિક એઇડ ટુ હાર્ડ-હિટ સ્મોલ બિઝનેસીસ, નોનપ્રોફિટ્સ, એન્ડ વેન્યૂસ એક્ટનાં સેક્શન 322 માં પ્રદાન કરેલા અર્થો ધરાવતી હોય.

_____ અરજદાર જારીકર્તા નથી, જેની સિક્યુરિટીઓ 1934 નાં સિક્યુરિટીઝ એક્સચેન્જ એક્ટ (15 J.S.C. 78f) ની સેક્શન 6 હેઠળ રાષ્ટ્રિય સુરક્ષાઓનાં એક્સચેન્જ તરીકે નોંધાયેલા એક્સચેન્જ પર યાદીગત થયેલી હોય.

_____ અરજદાર વ્યાપાર બાબત અથવા સંસ્થા નથી (1) જેના માટે પીપલ્સ રીપબ્લિક ઑફ ચીન અથવા સ્પેશિયલ એડમિનિસ્ટ્રેટિવ રીજન ઑફ હોંગકોંગમાં બનાવેલ અથવા હેઠળ સંચાલિત સંસ્થા હોય, અથવા જે પીપલ્સ રીપબ્લિક ઑફ ચીન અથવા સ્પેશિયલ એડમિનિસ્ટ્રેટિવ રીજન ઑફ હોંગકોંગમાં નોંધપાત્ર કામગીરી ધરાવતી હોય અથવા વ્યાપાર બાબત અથવા સંસ્થામાં આર્થિક હિતોનાં 20 ટકા કરતા ઓછી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે માલિકી અથવા હોલ્ડ ધરાવતી હોય, મર્યાદિત જવાબદારી કંપની અથવા ભાગીદારીમાં ઇક્વિટી શેર અથવા મૂડી અથવા નફા હિત સહિત; અથવા (b) જે ધરાવે છે, વ્યાપાર બાબતનાં નિર્દેશકોનાં મંડળનાં સભ્ય તરીકે, પીપલ્સ રીપબ્લિક ઑફ ચીનનાં નિવાસી વ્યક્તિ ધરાવતા હોય.

_____ અરજદારે 1938 નાં ફોરેન એજન્ટ્સ રજીસ્ટ્રેશન એક્ટ (22 U.S.C. 612) ની કલમ 2 હેઠળ રજિસ્ટ્રેશન સ્ટેટમેન્ટ સબમિટ કરવાની આવશ્યકતા નથી.

____ અરજદાર એવી વ્યાપાર બાબત અથવા સંસ્થા નથી જે પ્રાથમિક રીતે રાજકીય અથવા લોબિંગ પ્રવૃત્તિઓમાં સામેલ હોય, એવી કોઇપણ સંસ્થા સહિત જે જાહેર નીતિ અથવા રાજકીય વ્યૂહરચના અથવા અન્યથા પોતાને કોઇપણ જાહેર દસ્તાવેજોમાં થિંક ટેન્ક તરીકે વર્ણવતી હોય તેવા ક્ષેત્રોમાં એડવોકેસીમાં સંશોધન માટે અથવા જોડામા માટે સંચાલિત હોય.

____ હું આગળ પ્રમાણિત કરૂં છું કે આ એપ્લિકેશનમાં પ્રદાન કરવામાં આવેલી માહિતી અને તમામ સહાયક દસ્તાવેજો અને ફૉર્મ્સમાં પ્રદાન કરવામાં આવેલી માહિતી તમામ સામગ્રી બાબતે સાચી અને સચોટ છે. હું સમજું છું કે SBA પાસેથી ગેરેંટીડ લોન મેળવવા માટે જાણીજોઈને ખોટું નિવેદન આપવું એ કાયદા હેઠળ સજાપાત્ર છે, જેમાં 18 U.S.C. 1001 અને 3571 હેઠળ પાંચ વર્ષથી ઓછી કેદની સજા અને/અથવા $250,000 સુધીનો દંડ; 15 USC 645 હેઠળ બે વર્ષથી ઓછી કેદની સજા અને/અથવા $5,000 કરતા ઓછો દંડ; અને, જો સંઘીય વીમાવાળી સંસ્થામાં સબમિટ કરવામાં આવે તો, 18 U.S.C. 1014 હેઠળ ત્રીસ વર્ષથી ઓછી કેદની સજા અને/અથવા $1,000,000 કરતા ઓછો દંડ ફટકારવાનું સામેલ છે.

____ હું સ્વીકારૂં છું કે શાહુકાર સબમિટ કરેલા જરૂરી દસ્તાવેજોનો ઉપયોગ કરીને પાત્ર લોનની રકમની પુષ્ટિ કરશે. હું સમજું છું, સ્વીકારૂં છું અને સંમત છું કે શાહુકાર SBA લોન પ્રોગ્રામ આવશ્યકતાઓ અને તમામ SBA સમીક્ષાઓના અનુપાલનના હેતુ માટે ઇન્સ્પેક્ટર જનરલ ઓફ SBA ઑફિસના અધિકૃત પ્રતિનિધિઓ સહિત, SBAના અધિકૃત પ્રતિનિધિઓ સાથે આપેલી કોઈપણ કર માહિતી શેર કરી શકે છે.

_______________________________________________ ____________________
અરજદારના અધિકૃત પ્રતિનિધિની સહી તારીખ

_______________________________________________ ____________________
મુદ્રિત નામ શીર્ષક

# પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ
## દ્વિતિય ડ્રો ઉધારકર્તા એપ્લિકેશન ફોર્મ
### માર્ચ 18, 2021 નાં રોજ પુનરાવર્તિત

**આ ફોર્મનો હેતુ:**

આ ફોર્મ અરજદારના અધિકૃત પ્રતિનિધિ દ્વારા પૂર્ણ કરવો પડે છે અને તમાર **SBA સહભાગી લેન્ડરને સબમિટ કરવો** પડે છે. આર્થિક સહાય માટેની પાત્રતા અંગે નિર્ણય લેવા માટે વિનંતી કરેલ માહિતી સબમિટ કરવી જરૂરી છે. માહિતી સબમિટ કરવામાં નિષ્ફળતા તે નિર્ણય પર અસર કરી શકે છે.

અરજદાર કે જે આઇઆરએસ ફોર્મ 1040, શેડ્યૂલ C ફાઇલ કરે છે, અને ચોખ્ખા નફાની મદદથી પીપીપી લોનની રકમની ગણતરી કરવા માટે પસંદ થાય છે, તેણે આ ફોર્મનો ઉપયોગ કરવો આવશ્યક છે. *અરજદાર કે જે IRS ફોર્મ 1040 શેડ્યૂલ C ફાઇલ કરે છે, અને ચોખ્ખા નફાની મદદથી પીપીપી લોનની રકમની ગણતરી કરવા માટે પસંદ થાય છે, તેણે SBA ફોર્મ 2483-SD-C ઉપયોગ કરવો આવશ્યક છે.* અરજદાર કે જે આઇઆરએસ ફોર્મ 1040, શેડ્યૂલ C ફાઇલ કરે છે, અને ચોખ્ખા નફાની મદદથી પીપીપી લોનની રકમની ગણતરી કરે છે, તેણે પણ આ ફોર્મનો ઉપયોગ કરવો આવશ્યક છે.

**આ ફોર્મ ભરવા માટેની સૂચનાઓ:**

પગાર, વેતન, કમિશન અથવા સમાન વળતરના સ્વરૂપમાં; (ભૂતકાળની ટીપ્સના નિયોક્તાના રેકોર્ડ્સના આધારે અથવા, આવા રેકોર્ડની ગેરહાજરીમાં, આવી ટીપ્સનો વાજબી, સદ્ભાવનાવાળા નિયોક્તાના અંદાજના આધારે) રોકડ ટીપ્સ અથવા સમકક્ષ; વેકેશન, પેરેંટલ, કુટુંબ, તબીબી અથવા માંદગીની રજા માટેની ચૂકવણી (FFCRA સેક્શનો 7001 અને 7003 હેઠળ ક્રેડિટની અનુમતિ હોય તેવી તે ચૂકવણી કરવામાં આવતી રજા રકમો સિવાય); અલગતા અથવા બરતરફી માટેનું ભથ્થું; જૂથ આરોગ્ય સંભાળ કવરેજ, જૂથ જીવન, અક્ષમતા, દ્રષ્ટિ અથવા દાંતનાં પ્રીમિયમો અને નિવૃત્તિ લાભો સમાવતા કર્મચારી લાભોની જોગવાઈ માટેની ચુકવણી (વીમા પ્રીમિયમો સહિત); કર્મચારીઓના વળતર પર આકારણી કરેલ રાજ્ય અને સ્થાનિક કરોની ચૂકવણી; અને સ્વતંત્ર ઠેકેદાર અથવા એકમાત્ર માલિકી, વેતન, કમિશન, આવક અથવા સ્વ રોજગાર અથવા સમાન વળતરની ચોખ્ખી કમાણી માટે "લોનના ઉદ્દેશ્ય" સંદર્ભે, પગારપત્રક ખર્ચમાં (યુનાઇટેડ સ્ટેટસ નિવાસસ્થાનનું મુખ્ય સ્થળ હોય તેવા) કર્મચારીઓના વળતરનો સમાવેશ થાય છે.

સરેરાશ માસિક પેરોલ માટેની ગણતરી કરવાનાં હેતુઓ માટે મોટાભાગનાં અરજદારો 2019 અથવા 2020 માટેનાં સરેરાશ માસિક પેરોલનો ઉપયોગ કરશે, જેમાં દરેક કર્મચારી માટે ચૂકવણીઓ કરવામાં આવી હોય અથવા ચૂકવણીઓ કરવા માટેની જવાબદારીઓ ભોગવી હોય તેવા સમયગાળા માટે પ્રોરેટેડ અનુસાર વાર્ષિક આધાર પર $100,000 કરતા વધારે ખર્ચાઓને બાકાત રાખવામાં આવે છે. સીઝનલ વ્યાપારો માટે, અરજદાર તેનાં બદલે 15 ફેબ્રુઆરી, 2019 અને 15 ફેબ્રુઆરી, 2020 વચ્ચેથી અરજદાર દ્વારા પસંદ કરવામાં આવતા કોઇપણ બાર-મહિનાનાં સમયગાળા માટે સરેરાશ કુલ માસિક પેરોલનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકે છે, જેમાં દરેક કર્મચારી માટે ચૂકવણીઓ કરવામાં આવી હોય અથવા ચૂકવણીઓ કરવા માટેની જવાબદારીઓ ભોગવી હોય તેવા સમયગાળા માટે પ્રોરેટેડ અનુસાર વાર્ષિક આધાર પર $100,000 કરતા વધારે ખર્ચાઓને બાકાત રાખવામાં આવે છે. 12 મહિનાના પેરોલ ખર્ચાઓ વગરનાં નવા પરંતુ ફેબ્રુઆરી 15, 2020 નાં રોજ કામગીરીમાં હતા તેવા બિઝનેસો માટે, જેમાં પેરોલ ખર્ચાઓ થયા હતા તેવા મહિનાઓની સંખ્યાનાં આધાર પર સરેરાશ માસિક પેરોલની ગણતરી કરવામાં આવી શકે છે, જેમાં દરેક કર્મચારી માટે વાર્ષિક ધોરણ પર $100,000 કરતા વધારે ખર્ચાઓને બાકાત રાખવામાં આવે છે, દરેક કર્મચારીઓ માટે ચૂકવણીઓ કરવામાં આવી હોય અથવા ચૂકવણીઓ કરવાની જવાબદારીઓ થઇ હોય તેવા સમયગાળા માટે પ્રોરેટેડ તરીકે, દરેક કર્મચારી માટે. એકમાત્ર માલિકી તરીકે અથવા સ્વતંત્ર ઠેકેદાર તરીકે કામગીરી કરતા હોય તેવા ખેડૂતો અને રેન્ચરો માટે, અથવા જેઓ લાયક સ્વ-રોજગાર વ્યક્તિઓ હોય (સિંગલ મેમ્બર LLC અને લાયક સંયુક્ત સાહસો સહિત) અને શેડ્યુલ F (અથવા સમતુલ્ય સક્સેસર IRS ફોર્મ) પર ખેતરની આવક અથવા ખર્ચાઓ રીપોર્ટ કરતા હોય, તેઓનાં પેરોલ ખર્ચાઓની ગણતરી કર્મચારીઓ માટેનાં જો કોઇ હોય તો તેવા લાયક પેરોલ ખર્ચાઓ, વત્તા $100,000 નાં ઓછા અને એકંદર આવક વચ્ચેનાં તફાવત અને શેડ્યુલ F પર રીપોર્ટ કરેલા કર્મચારીઓ માટેનાં કોઇપણ લાયક પેરોલ ખર્ચાઓ ઉપયોગ કરીને કરવામાં આવે છે. For Applicants that file IRS ફોર્મ 1040, શેડ્યૂલ C ફાઇલ કરનારા, અને ચોખ્ખા નફાનો ઉપયોગ કરીને પીપીપી લોન રકમની ગણતરી પસંદ કરવાનું પસંદ કરતા અરજકર્તાઓ માટે, પેરોલ ખર્ચાઓની ગણતરી લાઇન 31 ચોખ્ખા નફાની રકમનો ઉપયોગ કરીને કરવામાં આવે છે, જે $100,000 સુધી મર્યાદિત છે, વત્તા કર્મચારીઓ માટે કોઇપણ લાયક ખર્ચાઓ (એકંદર આવકનો ઉપયોગ કરીને લેનની રકમની ગણતરી કરવા માટે, જુઓ SBA ફોર્મ 2483-SD-C). ભાગીદારીઓ હોય તેવા અરજદારો માટે, પેરોલ ખર્ચાઓની ગણતરી IRS ફોર્મ 1065 K,-1 પર રીપોર્ટ કર્યા અનુસાર વ્યક્તિગત જનરલ ભાગીદારોનાં સ્વ-રોજગારમાંથી થતી ચોખ્ખી કમાણીઓમાંથી દાવો કરેલ સેક્શન 179 ખર્ચ કપાત, દાવો કરેલ વળતર આપ્યું ન હોય તેવા ભાગીદારી ખર્ચાઓ, અને તેલ અને ગેસ સંપત્તિઓ પર દાવો કરેલ અવક્ષય, ગુણ્યા 0.9235 જે $100,000 કરતા વધારે ન હોય, વત્તા કર્મચારીઓ માટેનાં કોઇપણ લાયક પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

શેડ્યૂલ F ફાઇલ કરનારાઓ માટે, જો અરજદાર ફેડરલ ઇન્કમ ટેક્સના હેતુ માટે લાયક સંયુક્ત સાહસ છે ((1) સંયુક્ત સાહસના ફક્ત સભ્યો જ સંયુક્ત વળતર ફાઇલ કરે છે અને દરેક ફાઇલ શેડ્યૂલ F, (2) બંને જીવનસાથી ભૌતિક રીતે વેપારમાં ભાગ લે છે અથવા વ્યવસાય અને (3) બંને જીવનસાથી ભાગીદારી તરીકે ન ગણાતા), ફક્ત એક જીવનસાથી લાયક સંયુક્ત સાહસ વતી આ ફોર્મ સબમિટ કરી શકે છે. એકંદર આવકનો ઉપયોગ કરીને લોનની રકમમી ગણતરી કરવાનાં હેતુઓ માટે (માત્ર શેડ્યૂલ F ફાઇલ કરનારાઓ), બન્ને જીવનસાથીઓની એકંદર આવકનાં સરવાળાનો ઉપયોગ કરવો (શેડ્યૂલ F, લાઇન 9). અરજદારે એકંદર

રસિદોમાં ઓછામાં ઓછો 25% ઘટાડાનો અનુભવ કર્યો હતો કે નહીં તેનું નિર્ધારણ કરવા માટે, $150,000 કરતા વધારેની લોનો માટે, અરજદારે આ આવશ્યકતા પૂર્ણ કરતી 2020 ત્રિમાસિકની મીટિંગની ઓલખ કરવી, સંદર્ભ ત્રિમાસિકની ઓળખ કરવી, અને બન્ને ત્રિમાસિકો માટે એકંદર રસિદો જાહેર કરવી, તથા સહાયક દસ્તાવેજો પ્રદાન કરવા અનિવાર્ય છે. $150,000 કરતા નીચેની લોનો માટે, તે ક્ષેત્રો આવશ્યક નથી અને અરજદારે માત્ર એવું પ્રમાણિત કરવું અનિવાર્ય છે કે અરજદારે અરજીનાં સમયે 25% એકંદર રસિદોનો ઘટાડો પૂર્ણ કર્યો છે, જોકે, લોન માફી માંગતી વખતે અથવા પહેલા (અથવા SBA વિનંતી પર) અરજદારે એવા દસ્તાવેજો પ્રદાન કરવા અનિવાર્ય છે જે આ આવશ્યકતા પૂર્ણ કરતા 2020 ત્રિમાસિકની ઓળખકર્તા હોય, બન્ને ત્રિમાસિકો માટે એકંદર રસિદોની રકમો જણાવતા હોય, અને પ્રદાન કરેલી રકમોને સમર્થન આપતા હોય. તમામ લોનો માટે, સુયોગ્ય સંદર્ભ ત્રિમાસિક અરજદાર કેટલાં લાંબા સમયથી કામગીરીમાં છે તેનાં પર આધાર રાખે છે:

- નીચે સ્થાપિત શરતો પૂર્ણ કરતા સિવાયનાં તમામ અન્ય આરજદારો માટે, અરજદારેએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં કોઇપણ ત્રિમાસિકમાં એકંદર રસિદો 2019 નાં એકસમાન ત્રિમાસિક કરતા ઓછામાં ઓછી 25% નીચી હતી. વૈકલ્પિક રીતે, અરજદાર 2019 માં રહેલી વાર્ષિક એકંદર રસિદો સાથે 2020 માં રહેલી વાર્ષિક એકંદર રસિદોની તુલના કરી શકે છે; વાર્ષિક એકંદર રસિદોનો ઉપયોગ કરવાનું પસંદ કરતા અરજદારોએ 2020 ત્રિમાસિકમાં "વાર્ષિક" દાખલ કરવું, અને આવશ્યકતા અનુસારનાં દસ્તાવેજો દાખલ કરવા અનિવાર્ય છે, વાર્ષિક એકંદર રસિદોનાં ઘટાડાનું પ્રમાણિકરણ કરતા વાર્ષિક કરવેરા પત્રકોની નકલો સબમિટ કરવી અનિવાર્ય છે.
- 2019 નાં પ્રથમ અને દ્વિતિય ત્રિમાસિકો દરમિયાન વ્યાપારમાં ન હોય તેવી, પરંતુ 2019 નાં તૃતિય અને ચતુર્થ ત્રિમાસિક દરમિયાન કામગીરીમાં રહેલ અરજદારો માટે, અરજદારોએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં કોઇપણ ત્રિમાસિક દરમિયાન એકંદર રસિદો 2019 નાં તૃતિય અથવા ચતુર્થ ત્રિમાસિકમાંથી કોઇપણ એક કરતા ઓછામાં ઓછી 25% ઓછી હતી.
- 2019 નાં પ્રથમ અને દ્વિતિય અને તૃતિય ત્રિમાસિકો દરમિયાન વ્યાપારમાં ન હોય તેવા, પરંતુ 2019 નાં ચતુર્થ ત્રિમાસિક દરમિયાન કામગીરીમાં રહેલ અરજદારો માટે, અરજદારોએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં કોઇપણ ત્રિમાસિક દરમિયાન એકંદર રસિદો 2019 નાં ચતુર્થ ત્રિમાસિક કરતા ઓછામાં ઓછી 25% ઓછી હતી.
- 2019 દરમિયાન વ્યાપારમાં ન હોય તેવી, પરંતુ 15 ફેબ્રુઆરી, 2020 ના રોજ કામગીરીમાં રહેલ અરજદારો માટે, અરજદારોએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં પ્રથમ, દ્વિતિ., તૃતિય અથવા ચતુર્થમાં એકંદર રસિદો 2020 નાં પ્રથમ ત્રિમાસિક કરતા ઓછામાં ઓછી 25% ઓછી હતી.

એકંદર રસિદોમાં કોઇપણ સ્વરૂપમાં પ્રાપ્ત થયેલ અથવા કોઇપણ સ્રોતમાં ભોગવેલ તમામ રેવેન્યુ (અરજદારની એકાઉન્ટિંગ પદ્ધતિ અનુસાર) સમાવિષ્ટ થાય છે, જેમાં ઉત્પાદનોનાં વેચાણો અથવા સેવાઓ, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાઓ, રોયલ્ટીઓ, ફી અથવા કમિશનોમાંથી રીટર્ન્સ અને એલાઉન્સ બાદ કરતા વધેલાનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે, રસિદોને "કુલ આવક" (એકમાત્ર માલિકીનાં કિસ્સામાં "એકંદર આવક") વત્તા "વેચાણ કરેલા માલસામાનનો ખર્ચ" ગણતરીમાં લેવામાં આવે ચે જેમાંથી ચોખ્ખે કેપિટલ નફો અને નુકશાનીઓ IRS કરવેરા વાપસી પત્રકો પર વ્યાખ્યાયિત અને રીપોર્ટ કરેલા શબ્દ પ્રયોગો અનુસાર બાકાત રાખવામાં આવે છે. એકંદર રસિદોમાં આ મુજબનો સમાવેશ થતો નથી: જો એકંદર અથવા કુલ આવકમાં સામેલ કર્યા હોય તો કરવેરા અધિકારીતાને જમા કરાવેલા અથવા તેનાં માટે એકત્રિત કરેલા કરવેરાઓ, જેમ કે સેલ્સ અથવા ગ્રાહકો પાસેથી એકત્રિત કરેલા અન્ય કરવેરાઓ અને બાબત અથવા તેનાં કર્મચારીઓ પાસેથી વસૂલવામાં આવેલા બાકાત કરવેરાઓ; બાબત અને તેનાં સ્થાનિક અથવા વિદેશી આનુષંગિકો વચ્ચે થયેલી લેવડદેવડોમાંથી થતા ઉપાર્જનો; અને ટ્રાવેલ એજન્ટ, રીઅલ એસ્ટેટ એજન્ટ, એડવર્ટાઇઝિંગ એજન્ટ, કોન્ફરન્સ મેનેજમેન્ટ સેવા પ્રદાતા, માલસામાન મોકલનાર અથવા કસ્ટમ્સ બ્રોકર દ્વારા અન્ય માટે એકત્રિત કરવામાં આવેલી રકમો. તમામ અન્ય વસ્તુઓ, જેવીકે પેટાઠેકેદારનાં ખર્ચાઓ, ગ્રાહકની વિનંતી પર ઠેકેદાર કરે છે તે ખરીદીઓનાં વળતરો, રોકાણ આવક, અને કર્મચારી-આધારિત ખર્ચાઓ જેવા કે પેરોલ કરવેરાઓને એકંદર રસિદોમાંથી બાકાત રાખવામાં ન આવી શકે. અરજકર્તાની એકંદર રસિદો તેનાં આનુષંગિકોની એકંદર રસિદો સાથે સંયુક્ત કરવી અનિવાર્ય છે. નોનપ્રોફિટ સંસ્થા, વેટેરન્સ સંસ્થા, નોનપ્રોફિટ સમાચાર સંસ્થા, 501(c) (6) સંસ્થા અને ડેસ્ટિનેશન માર્કેટિંગ સંસ્થા માટે, એકંદર રસિદોનો અર્થ ઇન્ટર્નલ રેવેન્યુ કોડ, 1986 ની કલમ 6033 માં સમાહિત છે.

કર્મચારીઓની સંખ્યા રીપોર્ટ કરવાનાં હેતુઓ માટે, એકમાત્ર પ્રોપરીએટરો, સ્વ-રોજગાર વ્યક્તિઓ, અને સ્વતંત્ર ઠેકેદારોએ તેઓને પોતાને કર્મચારીઓ તરીકે શામેલ કરવા જોઇએ (દા.ત. કર્મચારીઓની સંખ્યા બોક્સમાં ન્યૂનત્તમ સંખ્યા 1 હોવી જોઇએ). NAICS 72 માટે, લાયક સમાચાર સંસ્થાઓ, 501(c)(3) સંસ્થાઓ, લાયક 501(c)(6) સંસ્થાઓ, અન્ય લાયક 501(c) સંસ્થાઓ, લાયક ગંતવ્ય માર્કેટિંગ સંસ્થાઓ, અથવા માત્ર-ઇન્ટરનેટ સમાચારો અથવા સામયિકોનાં પ્રકાશકો જેઓને NAICS કોડ 519130 ફાળવેલો હોય, અરજકર્તાઓ ભૌતિક સ્થળ દીઠ 300 કર્મચારીઓ કરતા વધારે નોકરી પર રાખી ન શકે. અરજદારો તેમની સરેરાશ રોજગારનો ઉપયોગ તેમના કર્મચારીઓની સંખ્યાને નિર્ધારિત કરવા માટે તેમના કુલ પગારપત્રકની ગણતરી કરવા માટે વપરાયેલા સમયગાળા દરમિયાન

કરી શકે છે. વૈકલ્પિક રીતે, અરજદારો લોન અરજીની તારીખ પહેલાં 12 પૂર્ણ થયેલ કેલેન્ડર મહિનામાં પગારની અવધિ દીઠ કર્મચારીઓની સરેરાશ સંખ્યાનો ઉપયોગ કરી શકે છે.

સ્થાપનાનું વર્ષ રીપોર્ટ કરવાનાં હેતુઓ માટે, સ્વ-રોજગારી વ્યક્તિઓ અને સ્વતંત્ર ઠેકેદારો "NA" દાખલ કરી શકે છે.

NAICS કૉડ રીપોર્ટ કરવાનાં હેતુઓ માટે, અરજદારોએ તેઓનાં IRS આવક વેરા ફાઇલિંગો પર પ્રદાન કરેલ વ્યાપાર પ્રવૃત્તિ કૉડને મેચ કરવો જરૂરી છે, જો લાગું પડતું હોય તો. અરજદારનાં મહત્તમ પેરોલ ખર્ચાઓની ગણતરી કરવાનાં હેતુઓ માટે, અરજદાર તેનાં સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓને તો જ 3.5 દ્વારા ગુણાકાર કરી શકે જો અરજદાર એકોમોડેશન અને ખાદ્ય સેવાઓ ક્ષેત્રમાં હોય અને તેનાં સૌથી તાજેતરનાં IRS આવક વેરા રીટર્ન પર તેનાં વ્યાપાર પ્રવૃત્તિનાં કૉડ તરીકે 72 સાથે શરૂ થતા NAICS કૉડ રીપોર્ટ કરેલો હોય.

નીચે સૂચિબદ્ધ કરેલ તમામ પક્ષોને અરજદારના માલિકો માનવામાં આવે છે:

- એકમાત્ર માલિકી માટે, એકમાત્ર માલિક;
- ભાગીદારી માટે, બધા સામાન્ય ભાગીદારો અને પેઢીના 20% અથવા વધુ ઇક્વિટી ધરાવતા તમામ મર્યાદિત ભાગીદારો;
- કૉર્પોરેશન માટે, કૉર્પોરેશનના 20% અથવા વધુના બધા માલિકો;
- મર્યાદિત જવાબદારી કંપનીઓ માટે, કંપનીની 20% અથવા તેથી વધુ માલિકી ધરાવતા બધા સભ્યો; અને
- (જો અરજદાર ટ્રસ્ટની માલિકીનો હોય તો) કોઈપણ ટ્રસ્ટર.

વસ્તી વિષયક માહિતીની જાણ કરવાના હેતુઓ માટે (વૈકલ્પિક):

1. **<u>હેતુ.</u>** વેટરન/લિંગ/જાતિ/વંશીયતાનો ડેટા માત્ર પ્રોગ્રામ રિપોર્ટિંગ હેતુઓ માટે જ એકત્રિત કરવામાં આવે છે.
2. **<u>વિવરણ.</u>** આ ફોર્મ ઉધાર લેનારનાં પ્રત્યેક પ્રિન્સિપાલ અંગેની માહિતીની વિનંતી કરે છે. જો જરૂર હોય તો વધારાની કાગળો ઉમેરો.
3. **<u>પ્રિન્સિપાલની વ્યાખ્યા.</u>** શબ્દપ્રયોગ "પ્રિન્સિપાલ" અર્થાત:
    - સ્વ-રોજગારવાળી વ્યક્તિ, સ્વતંત્ર ઠેકેદાર અથવા એકમાત્ર માલિક, સ્વ રોજગારવાળી વ્યક્તિ, સ્વતંત્ર ઠેકેદાર અથવા એકમાત્ર માલિક.
    - ભાગીદારી માટે, અરજદારની ઇક્વિટીનાં 20% અથવા વધારેની માલિકી ધરાવતા તમામ જનરલ ભાગીદારો અથવા તમામ લિમિટેડ ભાગીદારો, અથવા એવો કોઇપણ ભાગીદાર જે અરજદારનાં વ્યાપારનાં વ્યવસ્થાપનમાં સામેલ હોય.
    - કોર્પોરેશન માટે, અરજદારનાં 20% અથવા વધારેનાં તમામ માલિકો અને દરેક અધિકારી અને ડિરેક્ટર.
    - મર્યાદિત જવાબદારીવાળી કંપની માટે, અરજદારનાં 20% અથવા તેથી વધુ ધરાવતા તમામ સભ્યો, અને દરેક અધિકારી અને ડિરેક્ટર.
    - અરજદારની દૈનિક કામગીરીઓ મેનેજ કરવા માટે અરજદાર દ્વારા નોકરી પર રાખવામાં આવેલા કોઇપણ વ્યક્તિ ("મુખ્ય કર્મચારી").
    - કોઈપણ ટ્રસ્ટર (જો અરજદાર ટ્રસ્ટની માલિકીનો હોય તો).
    - બિન-લાભકારી સંસ્થા માટે, અરજદારનાં અધિકારીઓ અને ડિરેક્ટર.
4. **<u>પ્રિન્સિપાલનું નામ.</u>** પ્રિન્સિપાલનું સંપૂર્ણ નામ દાખલ કરો.
5. **<u>પ્રિન્સિપાલનું પદ.</u>** પ્રિન્સિપાલનો હોદ્દો ઓળખો; ઉદાહરણ તરીકે, સ્વ-રોજકાર વ્યક્તિ; સ્વતંત્ર ઠેકેદાર; એકમાત્ર માલિક; જનરલ પાર્ટનર; માલિક; અધિકારી; નિદેશક; સભ્ય; અથવા કી એમ્પલોઇ.

**પેપરવર્ક રિડક્શન અધિનિયમ** – જ્યાં સુધી તે હાલમાં માન્ય OMB કન્ટ્રોલ નંબર પ્રદર્શિત ન કરે ત્યાં સુધી તમારે માહિતીના આ એકત્રિકરણને પ્રતિભાવ આપવાની આવશ્યકતા નથી. જરૂરી માહિતી એકત્રિત કરવા સહિત આ એપ્લિકેશનને પૂર્ણ કરવા માટેનો અંદાજિત સમય 8 મિનિટનો છે. આ સમય વિશેની ટિપ્પણીઓ અથવા વિનંતી કરેલી માહિતી આમને મોકલવી જોઈએ: સ્મોલ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ડિરેક્ટર, રેકોર્ડ્સ મેનેજમેન્ટ ડિવિઝન, 409 3જા સેન્ટ, SW, વૉશિંગ્ટન DC 20416., અને/અથવા SBA ડેસ્ક ઑફિસર, ઑફિસ ઑફ મેનેજમેન્ટ એન્ડ બજેટ, ન્યૂ એક્ઝિક્યુટિવ ઑફિસ બિલ્ડિંગ, વૉશિંગ્ટન DC 20503. **કૃપા કરીને આ સરનામાઓ પર પત્રકો મોકલશો નહીં.**

**ગોપનીયતા અધિનિયમ (5 U.S.C. 552a)** – ગોપનીયતા અધિનિયમની જોગવાઈઓ હેઠળ, તમારે તમારો સામાજિક સુરક્ષા નંબર પ્રદાન કરવાની જરૂર પડતી નથી. તમારો સામાજિક સુરક્ષા નંબર પૂરો પાડવની નિષ્ફળતા, તમે હકદાર હો એવા કોઈપણ હક, લાભ અથવા વિશેષાધિકાર પર અસર કરી શકશે નહીં. (પરંતુ નીચે આપેલી કરદાતા ઓળખ નંબર સંબંધિત દેવાના વસૂલાત વિશેની સૂચના જુઓ.) ચરિત્ર નિર્ધારિત કરવા માટે નામ અને અન્ય વ્યક્તિગત ઓળખકર્તાઓના

ખુલાસાઓએ SBAને પૂરતી માહિતી પ્રદાન કરવી પડે છે. ચરિત્રનું મૂલ્યાંકન કરતી વખતે, SBA ગુનાહિત ક્રિયાઓ પ્રત્યેની વ્યક્તિ ની અખંડતા, નિખાલસતા અને મનોવૃત્તિ ધ્યાનમાં લે છે. વધારામાં, SBA ખાસ કરીને તમારા ગુનાહિત ઇતિહાસને ચકાસવા માટે, અથવા તેના અભાવમાં, નાના વ્યવસાય અધિનિયમ (કાયદા)ની 7(a)(1)(B), 15 U.S.C. 636(a)(1)(B).

**માહિતીનો ખુલાસો** – અન્ય પક્ષ વિશેની માહિતી માટેની વિનંતીઓ ત્યાં સુધી નામંજૂર થઈ શકે છે જ્યાં સુધી SBA પાસે વિનંતીકર્તા સમક્ષ માહિતી રજૂ કરવાની વ્યક્તિની લેખિત મંજૂરી ન હોય અથવા જ્યાં સુધી માહિતી સ્વતંત્રતા અધિનિયમ હેઠળ માહિતી જાહેર કરવાને આધિન ન હોય ત્યાં સુધી. ગોપનીયતા અધિનિયમ SBAને તે કાયદા દ્વારા સુરક્ષિત કરેલ માહિતીના અમુક " નિયમિત ઉપયોગો" કરવા માટે અધિકૃત કરે છે. આવો એક નિયમિત ઉપયોગ એ SBA'ની રેકોર્ડ સિસ્ટમ્સમાં જાળવવામાં આવેલી માહિતીનો ખુલાસો છે જ્યારે આ માહિતી ઉલ્લંઘન અથવા કાયદાનું સંભવિત ઉલ્લંઘન દર્શાવે છે, પછી ભલે તે નાગરિક, ગુનાહિત અથવા વહીવટી પ્રકારનું હોય. ખાસ કરીને, SBA માહિતી યોગ્ય એજન્સીને સંદર્ભિત કરી શકે છે, પછી ભલે તે સંઘીય, રાજ્ય, સ્થાનિક અથવા વિદેશી હોય, જવાબદારી માટે પ્રભારિત હોય, અથવા અન્યથા તપાસ, કાર્યવાહી, અમલ અથવા આવા ઉલ્લંઘનોના અટકાયતમાં સંડોવાયલી હોય. બીજો નિયમિત ઉપયોગ પૃષ્ઠભૂમિ તપાસો હાથ ધરતી અન્ય સંઘીય એજન્સીઓ સમક્ષ ખુલાસો કરવા માટે, પરંતુ માહિતી વિનંતીકર્તા એજન્સીઓ'ના કાર્યને લગતી હોય તેટલા હદ સુધી જ કરવામાં આવે છે. જુઓ, 74 F.R. 14890 (2009), અને વધારાની પૃષ્ઠભૂમિ અને અન્ય નિયમિત ઉપયોગો માટે સમય-સમય પર સુધારેલ મૂજબ. આ ઉપરાંત, CARES અધિનિયમમાં, SBAએ ઉધારકર્તાને સોંપેલ કરદાતા ઓળખ નંબર (TIN)નો ઉપયોગ કરીને પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ હેઠળની દરેક લોનની નોંધણી કરાવવી જરૂરી છે.

**1982નો દેવા સંગ્રહ અધિનિયમ, 1984નો ઉણપ ઘટાડો અધિનિયમ (31 U.S.C. 3701 વગેરે. અને અન્ય શીર્ષકો)** – જ્યારે તમે લોન માટે અરજી કરો છો ત્યારે SBAએ તમારો કરદાતા ઓળખ નંબર મેળવવો આવશ્યક છે. જો તમને કોઈ લોન મળે છે, અને ચૂકવવાપાત્ર થવા પર તેની ચૂકવણી નથી કરતાં, તો SBA આ કરી શકે છે: (1) ક્રેડિટ બ્યુરોને તમારી લોન(ન્સ)ની સ્થિતિની જાણ કરી શકે છે, (2) તમારી લોન વસૂલ કરવા માટે કલેક્શન એજન્સીને ભાડે રાખી શકે છે, (3) તમારું આવકવેરા રીફંડ અથવ સંઘીય સરકાર તરફથી તમને મળતી અન્ય રકમ સાથે તે સમાયોજિત કરી શકે છે, (4) તમને અથવા તમારી કંપનીને સંઘીય સરકાર સાથે વ્યવસાય કરવાથી નિલંબિત અથવા બાકાત કરી શકે છે, (5) તમારી લોનનો સંદર્ભ ન્યાય વિભાગને આપી શકે છે, અથવા (6) લોન સાધનો અનુસાર માન્ય અન્ય કાર્યવાહી કરી શકે છે.

**1978નો નાણાકીય ગોપનીયતા અધિનિયમ (12 U.S.C. 3401)** – 1978નો નાણાકીય ગોપનીયતા અધિકાર અધિનિયમ, લોન અથવા લોનની ગેરંટીમાં ભાગ લેતી કોઈપણ નાણાકીય સંસ્થાઓ સહિત તે નાણાકીય સંસ્થાઓ જે તમારી સાથે અથવા તમારા વ્યવસાય સાથે વહેવાર કરી રહી છે અથવા કરતી હોય તેમની દ્વારા રાખવામાં આવેલ નાણાકીય રેકૉર્ડ્સ ઍક્સેસ કરવાની મંજૂરી SBAને આપે છે. તમારા નાણાકીય રેકોર્ડ્સની ઍક્સેસ માટેની પ્રથમ વિનંતીના સંદર્ભમાં SBAને નાણાકીય સંસ્થાને તેના કાયદાના અનુપાલનનું પ્રમાણપત્ર ફક્ત પ્રદાન કરવું પડશે. કોઈપણ માન્ય લોન ગેરંટી કરારની અવધિ માટે SBAના ઍક્સેસ અધિકારો ચાલુ રહે છે. માન્ય લોન અથવા લોન ગેરંટી અંગેના કોઈપણ નાણાકીય રેકોર્ડને, જરૂરિયાત મૂજબ લોન ગેરંટી પર પ્રક્રિયા કરવા, સેવા આપવા અથવા બંધ કરવા અથવા ડિફોલ્ટ લોન ગેરંટી પર વસૂલવા માટે, કોઈ અન્ય સરકારી સત્તાને ટ્રાન્સફર કરવા માટે પણ SBA અધિકૃત છે.

**માહિતીની સ્વતંત્રતાનો અધિનિયમ (5 U.S.C. 552)** – અમુક અપવાદોને સાથે, આ કાયદો પ્રદાન કરે છે કે SBA તેને વિનંતીકર્તા વ્યક્તિને એજન્સી ફાઇલો અને રેકોર્ડ્સમાં પ્રતિબિંબિત માહિતી પ્રદાન કરે તે જરૂરી છે. સામાન્ય રીતે જાહેર કરવામાં આવતી મંજૂર કરેલ લોન વિશેની માહિતીમાં, અન્ય વસ્તુઓ સાથે, અમારા લોન પ્રોગ્રામ્સના આંકડા (વ્યક્તિગત ઉધારકર્તાઓ આંકડાઓમાં ઓળખવામાં આવતા નથી) અને ઉધારકર્તાઓના નામો, લોનની રકમ અને લોનનાં પ્રકાર જેવી અન્ય માહિતીનો સમાવેશ થાય છે. ઉધારકર્તા પરનો માલિકીનો ડેટા નિયમિતપણે તૃતીય પક્ષોને ઉપલબ્ધ કરાવવામાં આવશે નહીં. આ કાયદા હેઠળની તમામ વિનંતીઓ નજીકની SBA ઑફિસને સંબોધિત કરતી હોવી જોઈએ અને માહિતીની વિનંતીની સ્વતંત્રતા તરીકે ઓળખાતી હોવી જોઈએ.

**વ્યવસાયિક સલામતી અને આરોગ્ય અધિનિયમ (15 U.S.C. 651 વગેરે.)** – વ્યવસાયિક સલામતી અને આરોગ્ય વહીવટ (OSHA) માટે વ્યવસાયિકોને કર્મચારીઓની સુરક્ષા માટે સુવિધાઓ અને કાર્યવાહીઓમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. અનુપાલન નહીં કરતા વ્યાપારોને દંડ કરવામાં આવી શકે છે અને તેઓનાં કાર્યસ્થળોમાં જોખમો સમાપ્ત કરવાની આવશ્યકતા પડી શકે છે. કર્મચારીઓ સુરક્ષિત કરવામાં આવે ત્યાં સુધી તેઓ મૃત્યુ અથવા ગંભિર ઇજાનાં તાત્કાલિક જોખમને ઊભુ કરતી કામગીરીઓ બંધ કરવા પણ હુકમ આવી શકે છે. આ ફોર્મ પર હસ્તાક્ષર કરવું એ પ્રમાણિત કરે છે કે અરજદાર, તેના શ્રેષ્ઠ જાણકારી મુજબ, લાગુ થતા OSHAની જરૂરિયાતોનું અનુપાલન કરે છે, અને તે લોનના જીવન દરમિયાન અનુપાલનમાં રહેશે.

**પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ**
**દ્વિતિય ડ્રો ઉધારકર્તા એપ્લિકેશન ફોર્મ**
**માર્ચ 18, 2021 નાં રોજ પુનરાવર્તિત**

**નાગરિક અધિકારો (13 C.F.R. 112, 113, 117)** – SBA નાણાકીય સહાય પ્રાપ્ત કરતા તમામ વ્યવસાયોએ SBA વિનિયમોના 13 C.F.R., ભાગો 112, 113 અને 117માં નોંધાયેલ શ્રેણીઓના આધારે લોકો પ્રત્યેના રોજગાર વ્યવહાર અને સેવાઓ સહિત કોઈપણ વ્યવસાયિક વ્યવહારમાં ભેદભાવ ન કરવા સંમત થવું જરૂરી છે. બધા ઉધારકર્તાઓએ SBA દ્વારા સૂચવેલ "સમાન રોજગાર તકોનું પોસ્ટર" પ્રદર્શિત કરવું જોઈએ.

**સમાન ક્રેડિટ તકો અધિનિયમ (15 U.S.C. 1691)** – લેણદારોને જાતિ, રંગ, ધર્મ, રાષ્ટ્રીય મૂળ, જાતિ, વૈવાહિક દરજ્જા અથવા વયના આધારે ક્રેડિટ અરજદારો સામે ભેદભાવ કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે (એ શરતે કે અરજદારમાં બંધનકર્તા કરારમાં પ્રવેશવાની ક્ષમતા હોય); કારણ કે અરજદારની તમામ અથવા આંશિક આવક કોઈપણ જાહેર સહાય પ્રોગ્રામમાંથી પ્રાપ્ત થાય છે; અથવા કારણ કે અરજદારે સદ્ભાવનાથી કંઝ્યુમર ક્રેડિટ પ્રોટેક્શન ઍક્ટ હેઠળ કોઈપણ અધિકારનો ઉપયોગ કર્યો છે.

**ડીબારમેન્ટ અને સસ્પેન્શન એક્ઝીક્યુટિવ ઑર્ડર 12549 (2 C.F.R. ભાગ 180 અને ભાગ 2700)** – આ લોન એપ્લિકેશન સબમિટ કરીને, તમે પ્રમાણિત કરો છો કે અરજદાર અથવા અરજદારનો કોઈપણ માલિક છેલ્લા ત્રણ વર્ષમાં: (a) કોઈપણ સંઘીય એજન્સી દ્વારા વહેવારમાં ભાગ લેવાથી બાકાત, નિલંબિત, અપાત્ર જાહેર અથવા સ્વેચ્છાએ બાકાત કરવામાં આવ્યો નથી; (b) અંતિમ નિર્ણય હજુ બાકી હોવા છતાં, ઔપચારિક રીતે બાકાત કરવા માટે પ્રસ્તાવિત કરવામાં આવ્યો નથી; (c) નિયમોમાં સૂચિબદ્ધ કરેલા કોઈપણ ગુનાઓ માટે તમારી વિરુદ્ધ નાગરિક ચુકાદો આપવામાં આવ્યો નથી, અથવા આરોપિત અથવા દોષી ઠેરવવામાં આવ્યો નથી અથવા (d) યુ.એસ.ને ચૂકવેલી કોઈપણ રકમના ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યો નથી. આ પ્રમાણનની અમલની તારીખ પ્રમાણે સરકાર અથવા તેની સાધનસામગ્રી.